**૨૦૨૫-૨૬**
**જનરલ**

સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.
સામૂહિક વન નિર્માણ યોજના:જૂના વાહનો સામે નવા વાહનોની ખરીદી બાબત (બિન આદિવાસી, ૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૧૦), (નવી બાબત)

**ગુજરાત સરકાર**
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: FED/EEF/e-file/6/2025/0096/M
સચિવાલય, ગાંધીનગર.
તા. E-sign મુજબ.

**વંચાણે લીધા :**
અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: PCCFO/BGT/e-file/129/2025/1559/Financial Management.

**ઠ રા વ**

સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં સામૂહિક વન નિર્માણ યોજના (બિન આદિવાસી, ૨૬-૪૪૦૬-૦૧-૧૦૧-૧૦) હેઠળ જૂના વાહનો સામે નવા વાહનો ખરીદવા માટે નવી બાબત હેઠળ કુલ**રૂ.૦.૭૫ કરોડ**ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા સંદર્ભદર્શિત પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાને અંતે, સંદર્ભદર્શિત પત્રથી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળ જૂના વાહનો સામે નવા વાહનો ખરીદવા માટે થનાર ખર્ચ સારુ નીચે જણાવેલ શરતોને અધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે કુલ **રૂ.૦.૭૫ કરોડ**ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**મંજૂર કરેલ રકમ**

આવર્તક : રૂ. ૦૦.૦૦ કરોડ
અનાવર્તક : રૂ. ૦.૭૫ કરોડ
**કુલ : રૂ. ૦.૭૫ કરોડ**

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો તેમજ કચેરીની વિગત | ખરીદવાના થતા નવા વાહનની વિગત | કયા રદબાતલ વાહન સામે ખરીદવાનું છે તેની વિગત | જોગવાઇ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિ. દેવભૂમિ દ્વારકા. | Toyota Innova Crysta 2.7 | Tata Sumo GJ-10-G 0648 | ૦.૨૫ |
| ૨ | નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિ. અમદાવાદ. | Toyota Innova Crysta 2.7 | Tavera GJ-18-G-2802 | ૦.૨૫ |
| ૩ | નાયબ વન સંરક્ષકશ્રી, સા.વ.વિ. નડિયાદ. | Toyota Innova Crysta 2.7 | Bolero GJ-07-G-0457 | ૦.૨૫ |
| | | | **કુલ ૦૩ વાહનની ખરીદી માટે** | **૦.૭૫** |

૪. આ યોજનાને નીચેની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહિં.

(૨) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૩) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૧/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૧૩/૩૧૯/ઘ અને E-file No.:PTD/PMO/E-file/22/2022/1031 ની ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

(૫) નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઇવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઇવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઇવરની કોઇ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિં.

(૬) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨)યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩)સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) ઉક્ત જુના વાહનોની સામે ભવિષ્યમાં ફરીથી કોઇ નવા વાહનની ખરીદી ન થાય તેની ખાસ તકેદારી અ.મુ.વ.સં.શ્રીની કચેરીએ રાખવાની રહેશે. તેમજ અ.મુ.વ.સં.શ્રી કક્ષાએ રજિસ્ટર નિભાવવાનું રહેશે.

**૫.** આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૨૫-૨૬ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ. |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ. |
| મુખ્યસદર | : | ૪૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૧૦) એફએસટી-૮, સામૂહિક વન નિર્માણ |

**૬.** આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

હિમાંશુ ગોહિલ
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને વનદળના વડા, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, અરણ્યભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઈટ પર મૂકવા માટે.

Signature Not Verified
Signed by:Himanshu Gohil
Under Secretary
Date:2025.04.09
13:51:16 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign